પૂર્વછાયો- વળી વડોદરા શહેરમાં, પૂર્યા જે પરચા મહારાજ ।
તે લેખે ન આવે લખતાં, એમ કર્યાં જનનાં કાજ ॥૧॥
જણ જણ પ્રત્યે જુજવા, વળી પરચાનો નહિ પાર ।
કહ્યા ન જાય કોઈથી, એવા થાય ચમત્કાર ॥૨॥
હેત જોઈ હરિજનનાં, પ્રભુજી થયા પ્રસન્ન ।
નિત્ય પ્રત્યે નરનારીને, આપે દયાનિધિ દર્શન ॥૩॥
જેજે રીત્યે જનના, મહારાજે પુર્યા મનોરથ ।
તેતે કહું સહુ સાંભળો, સ્વામી સહજાનંદની સામર્થ્ય ॥૪॥

ચોપાઇ- કહું સામર્થી નાથની હવે, ચડે ખુમારી જેને સાંભળવે ।
એક ભક્ત બ્રાહ્મણ અકામ, તેનું સદાશિવ એવું નામ ॥૫॥
તેની સુતા તે નામ ઉમૈયા, તે ઉપર મહારાજની દયા ।
થાય ધારણા દેખે છે ધામ, લિયે આવીને તેહનાં નામ ॥૬॥
સુરપુર ને કૈલાસ જેહ, વૈકુંઠ વળી ગોલોક તેહ ।
શ્વેતદ્વિપ ને અક્ષરધામ, એહ આદિ લિયે કઈ નામ ॥૭॥
દેખે ધામ ને ધામના પતિ, સહજાનંદ સુખ મૂરતિ ।
કરે દર્શન તેહનાં નિત્યે, પ્રભુ બોલાવે બાઈને પ્રીત્યે ॥૮॥

એક દન કહે એમ નાથ, આજ જમશું અમે તારે હાથ ।
કરજ્યો સુંદર રસોઈ સારી, કેળાં રોટલી કાજુ તૈયારી ॥૯॥
પછી ધારણા માંહિથી જાગી, ઉઠી રસોઈ કરવા લાગી ।
થઈ રુડી રસોઈ તૈયાર, જમ્યા પ્રકટ પ્રાણ આધાર ॥૧૦॥
દિઠા ઘરને મનુષ્યે મળી, આવી મૂરતિ એમ ન કળી ।
જાણ્યું પ્રકટ પ્રમાણ પધાર્યા, આજ જન્મ અમારા સધાર્યા ॥૧૧॥
બેઠા દીઠા સૌવે ચ્યાર ઘડી, પછી પધાર્યા ગમ ન પડી ।
જોઈ આશ્ચર્ય પામિયાં જન, સહુ કહેવા લાગ્યાં ધન્યધન્ય ॥૧૨॥
આતો પરચો દિધો દયાળ, દીનબંધુ દીનપ્રતિપાળ ।
વળી એક દિવસની વાત, કહું સાંભળજ્યો તે વિખ્યાત ॥૧૩॥
કરી સમાધિ ઉમૈયા બાઈ, આવી હરિ વિરાજતા ત્યાંઈ ।
કરી દર્શન બેઠી છે પાસ, નિરખ્યા નાથને હૈયે હુલાસ ॥૧૪॥
કહે ઉમૈયા મને મહારાજ, આપો કાંઈક પ્રસાદી આજ ।
ત્યારે જમતા હતા જીવન, સુંદર ભાત્ય ભાત્યનાં ભોજન ॥૧૫॥
જમી ચળુ કરી રહ્યા નાથ, લઈ રૂમાલને લુયા હાથ ।
આપ્યો ઉમૈયાને મહારાજે, પ્રસાદીનો તે પૂજવા કાજે ॥૧૬॥
તે આપ્યો રૂમાલ ધારણામાંઈ, લઈ આવી તે ઉમૈયા બાઈ ।
જાગી જોયું ત્યાં પોતાને પાસ, જોઈ રૂમાલ પૂછે છે દાસ ॥૧૭॥
આતો રૂમાલ રાખતા નાથ, ક્યાંથી આવ્યો બાઈ તારે હાથ ।
કહે ઉમૈયા સમાધિમાંહિ, આપ્યો ગઢડે લાવી હું આંહિ ॥૧૮॥
ત્યારે સહુ કહે ધન્યધન્ય, થયો પર્ચો કહે એમ જન ।
વળી એકદિ ધારણા કરી, આવી મહારાજ પાસળ્ય ફરી ॥૧૯॥
કર્યું દર્શન દયાળતણું, થઈ મનમાં મગન ઘણું ।
તેદિ હતો સંક્રાંતિનો દન, વાલે તેડાવ્યાતા વિપ્ર જન ॥૨૦॥
આપ્યાં અન્ન ધન દાન વળી, લીધાં ગામને બ્રાહ્મણે મળી ।
તિયાં બેઠીતી ઉમૈયા બાઈ, આપ્યા તલ લાડુ ધન ત્યાંઈ ॥૨૧॥
દિધું સમાધિમાંહિ મહારાજે, એના તાત સદાશિવ કાજે ।

પછી જાગી છે ઉમૈયા જ્યારે, રહ્યું પ્રત્યક્ષ પ્રમાણ ત્યારે ॥૨૨॥
તે આપ્યું સદાશિવને લઈ, વળી ત્યાંની લીલા સર્વે કઈ ।
પછી જાણી અલૌકિ પ્રસાદી, દીધી લીધી બાઈ ભાઈ આદિ ॥૨૩॥
સર્વે જને કર્યો જેજેકાર, ધન્યધન્ય હરિ અવતાર ।
વળી એક દિવસને માંઈ, કરી ધારણા ઉમૈયા બાઈ ॥૨૪॥
ગઈ શ્રીમહારાજને પાસ, સામું જોઈ બોલ્યા અવિનાશ ।
કહે કેમ આવે નિત્યનિત્ય, એવી શી છે અમમાંહિ પ્રીત્ય ॥૨૫॥
કહે બાઈ તમે તો શ્રીકૃષ્ણ, હશે અભાગી નહિ કરે દ્રષ્ણ ।
માટે આવી છું દર્શન કાજ, નથી કામ બીજું મહારાજ ॥૨૬॥
ત્યારે હસી ભરી મૂઠી હાથે, આપી સાકર સુંદર નાથે ।
તર્ત તુલસીનાં મંજર ત્રોડી, આપી પ્રસાદી ઉત્તમ રૂડી ॥૨૭॥
હતો જન્માષ્ટમીનો તે દન, આપી પંચાજીરી તે પાવન ।
કેવડો જે સુવાસે ભરેલ, આપ્યો નાથે તે માથે ધરેલ ॥૨૮॥
આપી પ્રસાદી કરીને મહેર, કહે નાથ તું જા હવે ઘેર ।
આવી ઉમૈયા તે દેહમાંઈ, લાવી પ્રસાદી પ્રકટ ત્યાંઈ ॥૨૯॥
અલૌકિ એહ છે પ્રસાદી, જેને ઈચ્છે ભવ બ્રહ્મા આદિ ।
સહ્યો શિવે જે સારુ સંતાપ, થયો કદી મત્સ્ય જે સારુ આપ ॥૩૦॥
એવી પ્રસાદી દુર્લભ જેહ, પામે સમાધિમાં જન તેહ ।
એતો વાત છે આશ્ચર્ય ઘણી, કહીએ મોટ્યપ શું હરિતણી ॥૩૧॥
વળી એક દિવસની વાત, અતિ તાણી ગયો વરષાત ।
સહુ લોક થયાં છે ઉદાસ, મેલી મેઘ આવવાની આશ ॥૩૨॥
કરે ચિંતા સહુ બુઢાં બાળ, કેમ ઉતરશું આવો કાળ ।
સદાશિવે પણ કર્યો શોચ, આપણા ઘરમાં નહિ પહોંચ ॥૩૩॥
માટે પૂછાવું મહારાજ પાસ, પૂછ્યા વિના ન આવે વિશ્વાસ ।
પછી પૂછાવ્યું ઉમૈયા સાથ, પૂછ્ય મેઘનું શું કહે છે નાથ ॥૩૪॥
પછી ઉમૈયા ધારણા કરી, ગઈ જ્યાં હતા પોત્યે શ્રીહરિ ।
કરી દર્શન બેઠી છે પાસ, ત્યારે હસી બોલ્યા અવિનાશ ॥૩૫॥

શું પુછવું છે ઉમૈયા તારે, પૂછ્ય સંશય રાખ્ય માં લગારે ।
બોલી ઉમૈયા કહે મારો તાત, પૂછે કેયે થાશે વરષાત ॥૩૬॥
સુણિ બોલિયા સુંદરશ્યામ, તારે વર્ષાતનું શું છે કામ ।
બેઠી કર નચિંત ભજન, તને મળશે વસ્ત્ર ને અન્ન ॥૩૭॥
કહે ઉમૈયા હું નથી કહેતી, મેંતો પૂછ્યું છે લોકની વતી ।
ત્યારે નાથ કહે જા તું ત્યાંઈ, થાશે મેઘ ઘડી ચ્યારમાંહિ ॥૩૮॥
કહેજ્યે ત્યાં જઈને તું વાત, નથી વાર આવ્યો વરષાત ।
આવી એમનું એમજ કહ્યું, ઘડી ચ્યારમાંહિ સાચું થયું ॥૩૯॥
નોતું વર્ષવું મેઘને મને, વર્ષ્યો ઘન વાલાને વચને ।
વુઠ્યો મેઘ ને આવ્યો આનંદ, સહુ જય બોલે જનવૃંદ ॥૪૦॥
ધન્ય બાઈ ધન્ય તારી ભકિત, આતો પર્ચો થયો મોટો અતિ ।
વળી એક દિવસની વાત, સહુ સાંભળજ્યો તે સાક્ષાત્ ॥૪૧॥
બેઠી ઉમૈયા ધારણા માંઈ, ગઈ પ્રભુ પાસળે એ બાઈ ।
કર્યાં દ્રગે ભરીને દર્શન, જોઈ મહારાજ થઈ મગન ॥૪૨॥
કહે નાથ આ હળી છે છોડી, નિત્ય આવેછે યાં ધ્રોડી ધ્રોડી ।
એમ કહી હતો પાસે હાર, નાખ્યો એહના ગળા મોઝાર ॥૪૩॥
આપ્યા ગજરા તોરા પેરેલ, અતિજાડા સુગંધી ભરેલ ।
આવી સમાધિ માંહિથી જ્યારે, રહ્યા પોતા પાસળે એ ત્યારે ॥૪૪॥
વળી એક દિવસની વાત, આપ્યાં જામફળ વાલે સાત ।
આપે સમાધિમાંહિ જે ચીજ, રહે પ્રકટ પ્રમાણ તેજ ॥૪૫॥
વળી એકદિ આંબાનું ફળ, આપ્યું અતિ મીઠું જે અમળ ।
વળી એકદિ પડીયો લઈ, ગયા લાડુ મોતીયા બે દઈ ॥૪૬॥
તેતો તાજા તરત કરેલ, પોતા આગે થાળમાં ધરેલ ।
તે આપ્યા છે અલબેલે લઈ, વાત મોટી જાય નહિ કઈ ॥૪૭॥
એમ અલૌકિક ચીજ લાવી, વેંચે આલોકમાંહી તે આવી ।
સમાધિમાં મળે જેહ જેહ, થાય પ્રકટ પ્રમાણ તેહ ॥૪૮॥
નથી વાત જેવડી એ વાત, અલૌકિક વસ્તુ સાક્ષાત્ ।

એવી રીત્ય ન દીઠી સાંભળી, સહુ જન વિચારજ્યો વળી ॥૪૯॥
આજ સામર્થી વાવરે બહુ, એક જીભે હું કેટલી કહું ।
જનનાં લાડ પાળે છે જેહ, નથી આવતાં કહ્યા માં તેહ ॥૫૦॥
લખ્યા પરચા મેં જે જન તણા, નથી એટલા છે બીજા ઘણા ।
આજ અતિ આપે છે આનંદ, ધન્યધન્ય કહે નિષ્કુળાનંદ ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે ઉમૈયાબાઇને પરચા પૂર્યા એ નામે એકસોને તેંતાલિસમું પ્રકરણમ્ ॥૧૪૩॥